# હિસાબ નિયામકશ્રીની કચેરી
## નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી–૩૯૬૪૫૦

NAVSARI AGRICULTURAL UNIVERSITY

નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારીની નાણાં સમિતીની તાઃ ૦૨/૦૫/૨૦૧૫ના રોજ ૧૫–૦૦ કલાકે યુનિવર્સિટી ભવન, નવસારી ખાતે મળેલ **સાતમી બેઠક** ની કાર્યવાહી નોંધ :

તાઃ૦૨/૦૫/૨૦૧૫ના રોજ મળેલ બેઠકમાં નીચે મુજબના સભ્યશ્રીઓએ હાજરી આપી.

| અ.નં. | સભ્યશ્રીનું નામ | હોદ્દો | સહી |
|---|---|---|---|
| (૧) | ડાં.સી.જે.ડાંગરીઆ | અધ્યક્ષશ્રી અને માન.કુલપતિશ્રી | હાજર |
| (૨) | શ્રી આર.ટી. ક્રિશ્ચિયન | નાયબ સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ | હાજર |
| (૩) | ડાં. આર.આર. કસવાલા | સભ્યશ્રી અને નિયામક મંડળના સભ્ય | હાજર |
| (૪) | ડાં. શ્રી વાસ્તવ | સભ્યશ્રી અને ડીન અસ્પી બાગાયત કોલેજ | હાજર |
| (૫) | ડાં. જી.જી. રાદડિયા | સભ્યશ્રી અને કુલસચિવ | હાજર |
| (૬) | ડાં. એ. એન. સાબલપરા | આમંત્રિત સભ્યશ્રી અને સંશોધન નિયામક | હાજર |
| (૭) | શ્રી ડી.ટી.ચૌધરી | સભ્ય સચિવશ્રી અને હિસાબ નિયામક | હાજર |

શ્રી પી.બી.ચૌધરી, નાયબ સચિવશ્રી, નાણાં સલાહકાર, કૃષિ અને સહકાર વિભાગ,ગાંધીનગર અનિવાર્ય સંજોગોના કારણે હાજર રહી શકયા ન હતા, જેમની ગેરહાજરીને માન્ય રાખવામાં આવી.

સૌ પ્રથમ નાણાં સમિતિની સાતમી બેઠકમાં ઉપસ્થિત રહેલ સભ્યશ્રીઓને સભ્યસચિવશ્રીએ આવકાર્યા અને મીટીંગ માટેનું જરૂરી કોરમ થતા, મિટીંગની કાર્યવાહી ચાલુ કરવામાં આવી.

**મુદ્દા નં. ૭.૦૧ નાણાં સમિતીની છઠ્ઠી બેઠકની કાર્યવાહી નોંધ મંજુર કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે તાઃ ૧૦/૧૧/૧૪ ના રોજ ગાંધીનગર ખાતે મળેલ નાણાં સમિતીની છઠ્ઠી બેઠકની કાર્યવાહી નોંધ મુદ્દા નં. ૬.૧ થી ૬.૮ સુધીની વંચાણે લેવામાં આવી, અને જે સર્વાનુંમતે માન્ય રાખી મંજુર કરવામાં આવે છે.

**(અમલઃ– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૭.૦૨ તા. ૧૦/૧૧/૨૦૧૪ ના રોજ મળેલ છઠ્ઠી બેઠકની કાર્યવાહી નોંધના નિર્ણય ઉપર લેવાયેલ પગલાની નોંધ લેવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે નાણા સમિતિની તા. ૧૦/૧૧/૨૦૧૪ ના રોજ મળેલ છઠ્ઠી બેઠકમાં મુદ્દા નં. ૬.૧ થી મુદ્દા નં. ૬.૮ સુધી લેવાયેલ પગલાં અંગે નોંધ લીધી.

**(અમલઃ– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૭.૦૩ સને ૨૦૧૫–૧૬ ના બિન આયોજીત ( નોન પ્લાન ) યોજનાના સ્થાયી અંદાજો નાણાં વિભાગ તરફથી મંજુર થયેલ છે જે વંચાણે લઈ સ્થાયી અંદાજોની મર્યાદામાં સને ૨૦૧૫–૧૬ના વર્ષ માટે ખર્ચ કરવાની મંજુરી આપવા બાબત.**

" આથી ઠરાવવામાં આવે છે કે નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારીની આયોજન બહાર (નોન પ્લાન) ની યોજનાઓનું સને ૨૦૧૫–૧૬ ના વર્ષનું સ્થાયી અંદાજ રૂા. ૫૩,૧૬,૫૬ (હજાર) નાણાં વિભાગ દવારા મંજુર કરેલ છે, જેને સ્વીકારવામાં આવે છે, અને સ્થાયી અંદાજની મર્યાદામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં ખર્ચ કરવા અનુમતિ આપી, નિયામક મંડળમાં રજુ કરવા ભલામણ કરવામાં આવે છે."

**(અમલઃ– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૭.૦૪ નવસારી કૃષિ યુનિવર્સિટીનો સને ૨૦૧૫–૧૬ નો વાર્ષિક વિકાસ કાર્યક્રમ મંજુર કરવા બાબત.**

" આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનો ચાલુ નાણાંકિય વર્ષ : ૨૦૧૫–૧૬ ના વાર્ષિક કાર્યક્રમ અંતર્ગત પ્લાન યોજનાઓ (નોર્મલ અને ટ્રાયબલ) હેઠળ કૃષિ સંશોધન, શિક્ષણ અને વિસ્તરણ શિક્ષણની ચાલુ તેમજ નવી બાબતો માટેની કુલ બજેટ જોગવાઈ રૂા. ૯૨૧૨.૨૪ લાખની મર્યાદામાં " વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૫–૧૬" ને મંજુરી આપવા નિયામક મંડળને ભલામણ કરવામાં આવે છે."

**(અમલઃ– સંશોધન નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૭.૦૫ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તકની પ્લાન યોજના ( નોર્મલ અને ટ્રાયબલ ) ચાલુ બાબતો ( વિભાગ–૨ ) તેમજ નવી બાબતો ( વિભાગ–૧ ) હેઠળ વર્ષ ૨૦૧૫–૧૬ ની કુલ જોગવાઈ રૂા. ૯૨૧૨.૨૪ લાખ ખર્ચ કરવા બાબત.**

" આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનો ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૫અ૧૬ અંતર્ગત પ્લાન યોજના (નોર્મલ અને ટ્રાયબલ) માં શિક્ષણ, વિસ્તરણ શિક્ષણ અને સંશોધન માટેની વિભાગ–૨ હેઠળની ચાલુ બાબતો તથા વિભાગ–૧ હેઠળની નવી બાબતોના અંદાજપત્ર પ્રકાશન નં. ૩ લેખાનુદાનમાં મુજુર થયેલ યોજનાવાર કુલ બજેટ જોગવાઈ રૂા. ૯૨૧૨.૨૪ લાખની મર્યાદામાં વર્ષ ૨૦૧૫–૧૬ દરમ્યાન નિયમોનુસાર ખર્ચ કરવાની મંજુરી આપવા નિયામક મંડળમાં રજુ કરવા ભલામણ કરવામાં આવે છે."

**(અમલઃ– સંશોધન નિયામકશ્રી)**

<u>અધ્યક્ષ સ્થાનેથી કોઈ મુદા રજુ થયા ન હતા.</u>

અંતે હાજર રહેલ અધ્યક્ષશ્રી તેમજ તમામ સભ્યશ્રીઓનું સભ્યસચિવશ્રીએ આભાર માની મીટીંગ પુર્ણ થયાની જાહેર કરી.

સદરહું કાર્યનોંધ માન.કુલપતિશ્રીની અનુમતિ મેળવી બહાર પાડવામાં આવે છે.

**સભ્યસચિવ અને હિસાબ નિયામક**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

જા.નં નકૃયુ/હિનિ/બી–૪/ ૫૩૧૩–૧૯ તા. ૧૯ .૦૫.૨૦૧૫

(૧) શ્રી આર.ટી. કિશ્ચિયન,નાયબ સચિવશ્રી(કૃષિ યુનિ) કૃષિ અને સહકાર વિભાગ,ગાંધીનગર
(૨) શ્રી પી.બી.ચૌધરી, નાયબ સચિવશ્રી અને નાંણાં સલાહકાર, કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગર
(૩) ર્ડા. આર.આર.કસવાલા, સભ્યશ્રી અને નિયામક મંડળના સદસ્ય
(૪) ર્ડા. એન.એલ.પટેલ, સભ્યશ્રી અને ડીન,અસ્પી બાગાયત કોલેજ,નકૃયુ,નવસારી
(૫) ર્ડા. એ.એન.સાબલપરા,આમંત્રીત સભ્યશ્રી અને સંશોધન નિયામકશ્રી,નકૃયુ,નવસારી
(૬) ર્ડા. જી.જી.રાદડીયા, સભ્યશ્રી અને કુલસચિવ,નકૃયુ,નવસારી
(૭) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નકૃયુ,નવસારી

# હિસાબ નિયામકશ્રીની કચેરી
## નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી–૩૯૬૪૫૦

નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારીની નાણાં સમિતીની **આંઠમી બેઠક** તાઃ ૩૧/૦૮/૨૦૧૫ના રોજ ૧૧–૦૦ કલાકે યુનિવર્સિટી ભવન, નવસારી ખાતે માન. કુલપતિશ્રીની અધ્યક્ષપણા હેઠળ મળેલ જેની કાર્યવાહી નોંધ :

તાઃ૩૧/૦૮/૨૦૧૫ના રોજ મળેલ બેઠકમાં નીચે મુજબના સભ્યશ્રીઓએ હાજરી આપી.

| અ.નં. | સભ્યશ્રીનું નામ | હોદ્દો | સહી |
|---|---|---|---|
| (૧) | શ્રી આર.ટી. ક્રિશ્ચિયન | નાયબ સચિવશ્રી(કૃષિ યુનિ.), કૃષિ અને સહકાર વિભાગ | હાજર |
| (૨) | ડૉ. આર.આર. કસવાલા | સભ્યશ્રી અને નિયામક મંડળના સભ્ય | હાજર |
| (૩) | ડૉ. બી.એન. પટેલ | સભ્યશ્રી અને ડીન અસ્પી બાગાયત કોલેજ | હાજર |
| (૪) | ડૉ. જી.જી. રાદડિયા | સભ્યશ્રી અને કુલસચિવ | હાજર |
| (૫) | ડૉ. એ. એન. સાબલપરા | આમંત્રિત સભ્યશ્રી અને સંશોધન નિયામક | હાજર |
| (૬) | શ્રી ડી.ટી.ચૌધરી | સભ્ય સચિવશ્રી અને હિસાબ નિયામક | હાજર |

શ્રી કિર્તિ પંડયા, નાયબ સચિવશ્રી (મહેકમ), નાણાં વિભાગ અને ઈ.ચા. નાણાં સલાહકાર, કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગર અનિવાર્ય સંજોગોમાં હાજર રહી શકયા ન હતા, જેમની ગેરહાજરીને માન્ય રાખવામાં આવી.

સૌ પ્રથમ નાણાં સમિતિની આંઠમી બેઠકમાં ઉપસ્થિત રહેલ સભ્યશ્રીઓને સભ્યસચિવશ્રીએ આવકાર્યા અને મીટીંગ માટેનું જરૂરી કોરમ થતા, મિટીંગની કાર્યવાહી ચાલુ કરવામાં આવી.

**મુદ્દા નં. ૮.૦૧ નાણાં સમિતીની સાતમી બેઠકની કાર્યવાહી નોંધ મંજુર કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે તાઃ ૦૨/૦૫/૧૫ ના રોજ યુનિવર્સિટી ભવન, ન.કૃ.યુ.,નવસારી ખાતે મળેલ નાણાં સમિતીની સાતમી બેઠકની કાર્યવાહી નોંધ મુદ્દા નં. ૭.૧ થી ૭.૫ સુધીની વંચાણે લેવામાં આવી, અને જે સર્વાનુંમતે માન્ય રાખી મંજુર કરવામાં આવે છે.

**(અમલઃ– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૮.૦૨ તા. ૦૨/૦૫/૨૦૧૫ ના રોજ મળેલ સાતમી બેઠકની કાર્યવાહી નોંધના નિર્ણય ઉપર લેવાયેલ પગલાની નોંધ લેવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે નાણા સમિતિની તા. ૦૨/૦૫/૨૦૧૫ ના રોજ મળેલ સાતમી બેઠકમાં મુદ્દા નં. ૭.૧ થી મુદ્દા નં. ૭.૫ સુધી લેવાયેલ પગલાં અંગે નોંધ લીધી.

**(અમલઃ– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૮.૦૩ નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની વિભાગ–૨ હેઠળની ચાલુ પ્લાન યોજનાઓ (નોર્મલ/ટ્રાયબલ) ની વર્ષ ૨૦૧૬–૧૭ ના અંદાજ પત્રમાં સુચિત નાણાંકિય જોગવાઈ મંજુર કરવા બાબત.**

" આથી ઠરાવવામાં આવે છે કે નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી હસ્તકની વિભાગ–૨ હેઠળની ચાલુ પ્લાન યોજનાઓ (નોર્મલ અને ટ્રાયબલ) કૃષિ સંશોધન, શિક્ષણ અને વિસ્તરણ શિક્ષણની પ્રવૃતિઓ માટે આગામી વર્ષ ૨૦૧૬–૧૭ ના અંદાજપત્રમાં રૂા. ૯૦૭૪.૫૯ લાખની સુચિત નાણાંકિય જોગવાઈ નિયામક મંડળમાં રજુ કરવા ભલામણ કરવામાં આવે છે."

**(અમલઃ– સંશોધન નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૮.૦૪ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી દ્વારા વિભાગ–૧ હેઠળની વર્ષ ૨૦૧૬–૧૭ ના અંદાજપત્રમાં મુકવાની થતી નવી બાબતોની સુચિત નાણાંકિય જોગવાઈ મંજુર કરવા બાબત.**

" આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તકની વિભાગ–૨ હેઠળની નવી પ્લાન યોજના (નોર્મલ અને ટ્રાયબલ) હેઠળ કૃષિ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણના કાર્યક્રમો માટે વર્ષ ૨૦૧૬–૧૭ ના અંદાજપત્રમાં નવા કાર્યક્રમો, નવા બાંધકામ અને ૫.૦૦ લાખથી વધુ કિંમતના સાધનોની કુલ રૂા. ૨૩૭૫.૪૭ લાખની સૂચિત નાણાંકિય જોગવાઈ નિયામક મંડળમાં રજુ કરવા ભલામણ કરવામાં આવે છે."

**(અમલઃ– સંશોધન નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૮.૦૫ સને ૨૦૧૬–૧૭ ના નાણાંકિય વર્ષનું નોન પ્લાન યોજનાનું સ્થાયી બજેટ મંજુર કરવા બાબત.**

" આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનું સને ૨૦૧૬–૧૭ના વર્ષનું આયોજન બહાર (નોન પ્લાન) ની યોજનાઓનું કુલ અંદાજ રૂા. ૭૧,૮૩,૦૬ (હજાર) પૈકી યુનિવર્સિટીની સૂચિત આવક રૂા. ૨૯,૫૧૪ (હજાર) બાદ કરી નેટ અંદાજ રૂા. ૬૮,૮૭,૯૨ (હજાર) નિયામક મંડળમાં રજુ કરવા ભલામણ કરવામાં આવે છે."

**(અમલઃ– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૮.૦૬ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનો સને ૨૦૧૪–૧૫ નો વાર્ષિક હિસાબ મંજુર કરવા બાબત.**

" આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના સને ૨૦૧૪–૧૫ (તા. ૦૧.૦૪.૨૦૧૪ થી તા. ૩૧.૦૩.૨૦૧૫ )ના વાર્ષિક હિસાબને નિયામક મંડળ સમક્ષ રજુ કરવા ભલામણ કરવામાં આવે છે."

**(અમલઃ– હિસાબ નિયામકશ્રી)**

અંતે હાજર રહેલ અધ્યક્ષશ્રી તેમજ તમામ સભ્યશ્રીઓનું સભ્યસચિવશ્રીએ આભાર માની મીટીંગ પુર્ણ થયાની જાહેર કરી.

સદરહું કાર્યનોંધ માન.કુલપતિશ્રીની અનુમતિ મેળવી બહાર પાડવામાં આવે છે.

**સભ્યસચિવ અને હિસાબ નિયામક**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

જા.નં નકૃયુ/હિનિ/વહટ/૮૧૪૩–૪૯/૧૫ તા. ૦૪.૦૯.૨૦૧૫

(૧) શ્રી આર.ટી. ક્રિશ્ચિયન,નાયબ સચિવશ્રી(કૃષિ યુનિ) કૃષિ અને સહકાર વિભાગ,ગાંધીનગર
(૨) શ્રી કિર્તિ પંડયા, નાયબ સચિવશ્રી અને નાંણાં સલાહકાર, કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગર
(૩) ડૉ. આર.આર.કસવાલા, સભ્યશ્રી અને નિયામક મંડળના સભ્ય
(૪) ડૉ. બી.એન.પટેલ, સભ્યશ્રી અને ડીન,અસ્પી બાગાયત કોલેજ,નકૃયુ,નવસારી
(૫) ડૉ. એ.એન.સાબલપરા,આમંત્રીત સભ્યશ્રી અને સંશોધન નિયામકશ્રી,નકૃયુ,નવસારી
(૬) ડૉ. જી.જી.રાદડીયા, સભ્યશ્રી અને કુલસચિવ,નકૃયુ,નવસારી
(૭) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નકૃયુ,નવસારી

# હિસાબ નિયામકશ્રીની કચેરી
## નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી–૩૯૬૪૫૦

નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારીની નાણાં સમિતીની **નવમી બેઠક** તાઃ ૧૧/૧૨/૨૦૧૫ના રોજ ૧૬–૦૦ કલાકે યુનિવર્સિટી ભવન, નવસારી ખાતે માન. કુલપતિશ્રીની અધ્યક્ષપણા હેઠળ મળેલ જેની કાર્યવાહી નોંધ : તાઃ૧૧/૧૨/૨૦૧૫ના રોજ મળેલ બેઠકમાં નીચે મુજબના સભ્યશ્રીઓએ હાજરી આપી.

| અ.નં. | સભ્યશ્રીનું નામ | હોદ્દો | સહી |
|---|---|---|---|
| (૧) | શ્રી આર.ટી. ક્રિશ્ચિયન | નાયબ સચિવશ્રી,(કૃષિ યુનિવર્સિટીઓ), કૃષિ અને સહકાર વિભાગ | હાજર |
| (૨) | શ્રી એન.જે.શાહ | નાયબ સચિવશ્રી (મહેકમ ),નાણાં વિભાગ અને ઈ.ચા. નાણાં સલાહકાર (કૃષિ યુનિવર્સિટીઓ) | – |
| (૩) | ડૉ. બી.એન. પટેલ | સભ્યશ્રી અને ડીન અસ્પી બાગાયત કોલેજ | હાજર |
| (૪) | ડૉ. જી.જી. રાદડિયા | સભ્યશ્રી અને કુલસચિવ | હાજર |
| (૫) | ડૉ. એ. એન. સાબલપરા | આમંત્રિત સભ્યશ્રી અને સંશોધન નિયામક | હાજર |
| (૬) | શ્રી ડી.ટી.ચૌધરી | સભ્ય સચિવશ્રી અને હિસાબ નિયામક | હાજર |

સૌ પ્રથમ નાણાં સમિતિની નવમી બેઠકમાં ઉપસ્થિત રહેલ સભ્યશ્રીઓને સભ્યસચિવશ્રીએ આવકાર્યા અને મીટીંગ માટેનું જરૂરી કોરમ થતા, મિટીંગની કાર્યવાહી ચાલુ કરવામાં આવી.

**મુદ્દા નં. ૯.૦૧ નાણાં સમિતીની આંઠમી બેઠકની કાર્યવાહી નોંધ મંજુર કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે તાઃ ૩૧/૦૮/૧૫ ના રોજ યુનિવર્સિટી ભવન, ન.કૃ.યુ.,નવસારી ખાતે મળેલ નાણાં સમિતીની આંઠમી બેઠકની કાર્યવાહી નોંધ મુદ્દા નં. ૮.૧ થી ૮.૬ સુધીની વંચાણે લેવામાં આવી, અને જે સર્વાનુંમતે માન્ય રાખી મંજુર કરવામાં આવે છે.

**(અમલઃ– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૯.૦૨ નાણાં સમિતિની આંઠમી બેઠકની કાર્યવાહી નોંધના નિર્ણય ઉપર લેવાયેલ પગલાની નોંધ લેવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે નાણાં સમિતિની તા. ૩૧/૦૮/૨૦૧૫ ના રોજ મળેલ આંઠમી બેઠકમાં મુદ્દા નં. ૮.૧ થી મુદ્દા નં. ૮.૬ સુધી લેવાયેલ પગલાં અંગે નોંધ લીધી.

**(અમલઃ– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૯.૦૩ સને ૨૦૧૫–૧૬ ના આયોજન બહાર (નોન પ્લાન) યોજનાઓના સુધારેલ અંદાજ પત્ર ચર્ચા–વિચારણા કરી મંજૂર કરવા બાબત.**

" આથી ઠરાવવામાં આવે છે કે નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારીના સને ૨૦૧૫–૧૬ના વર્ષનું બીન આયોજીત યોજનાઓના સુધારેલા ગ્રોસ અંદાજ રૂ. **566941 (હજાર)** માંથી સુચિત આવક રૂ.**27970 (હજાર)**

બાદ કરી નેટ સુધારેલ અંદાજ રૂા. **538971 (હજાર)** ની અંદાજપત્રીય દરખાસ્ત સરકારશ્રીને રજુ કરવા ભલામણ કરવામાં આવે છે."

**(અમલ:– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૯.૦૪ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનો સને ૨૦૧૧–૧૨ નો ઓડિટ અહેવાલ મંજુર કરવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ અધિનિયમ–૨૦૦૪ની કલમ ૪૮(૫) અનુસાર નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના સને ૨૦૧૧–૧૨ ના વર્ષનો ઓડિટ અહેવાલ અને તેના પર લીધેલ પગલાંની નોંધ નિયામક મંડળ સમક્ષ રજુ કરવા ભલામણ કરવામાં આવે છે. "

**(અમલ:– હિસાબ નિયામકશ્રી)**

**અધ્યક્ષ સ્થાનેથી**

**મુદ્દા નં. ૯.૦૫ સને ૨૦૧૫–૧૬ ના આયોજીત યોજનાના સુધારેલ અંદાજ મંજુર કરવા બાબત.**

" આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના સને ૨૦૧૫–૧૬ના વર્ષનું આયોજીત યોજનાઓનું સુધારેલ ગ્રોસ અંદાજ રૂા. ૯૪૬૨.૨૪ લાખ માંથી સૂચિત આવક રૂા. ૨૫૦.૦૦ લાખ બાદ કરી નેટ સુધારેલ અંદાજ રૂા. ૯૨૧૨.૨૪ લાખની અંદાજપત્રીય દરખાસ્ત સરકારશ્રીને રજુ કરવા ભલામણ કરવામાં આવે છે."

**(અમલ:– સંશોધન નિયામકશ્રી)**

અંતે હાજર રહેલ અધ્યક્ષશ્રી તેમજ તમામ સભ્યશ્રીઓનું સભ્યસચિવશ્રીએ આભાર માની મીટીંગ પુર્ણ થયાની જાહેર કરી.

સદરહું કાર્યનોંધ માન.કુલપતિશ્રીની અનુમતિ મેળવી બહાર પાડવામાં આવે છે.

**સભ્યસચિવ અને હિસાબ નિયામક**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

જા.નં નકૃયુ/હિનિ/પી.એ./૧૦૫૧૭–૨૨/૧૫ તા.૧૪.૧૨.૨૦૧૫

(૧) શ્રી આર.ટી. કિશ્ચિયન,નાયબ સચિવશ્રી(કૃષિ યુનિ.) કૃષિ અને સહકાર વિભાગ,ગાંધીનગર
(૨) શ્રી એન. જે. શાહ, નાયબ સચિવશ્રી અને નાણાં સલાહકાર, કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગર
(૩) ડૉ. બી.એન.પટેલ, સભ્યશ્રી અને ડીન,અસ્પી બાગાયત કોલેજ,નકૃયુ,નવસારી
(૪) ડૉ. એ.એન.સાબલપરા,આમંત્રીત સભ્યશ્રી અને સંશોધન નિયામકશ્રી,નકૃયુ,નવસારી
(૫) ડૉ. જી.જી.રાદડીયા, સભ્યશ્રી અને કુલસચિવ,નકૃયુ,નવસારી
(૬) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નકૃયુ,નવસારી